### બાયડ નાગનામઠ ગામે પ્રાથમિક શાળાના

# બે ઓરડા જર્જરિત હાલતમાં બાળકોનો ભોગ તો નહિ લે ને..?

બાયડ, તા. ૧૧

બાયડ તાલુકાના સાઠંબા નજીક નાગાનામઠ ગામે આવેલી પ્રાથમિક શાળામાં ભણતા બાળકોના માથે જીવનું જોખમ છે. અત્યંત ખખડધજ બની ગયેલી

શાળા કોઈનો ભોગ લેશે બાદમાં જ તંત્ર જાગશે કે શું? તેવી લોકોમાં ચર્ચાઓએ જોર પકડ્યું છે. અરવલ્લી જિલ્લા શિક્ષણ વિભાગને તો ખબર જ નહીં હોય કે જિલ્લામાં આવી કેટલી શાળાઓ આવેલી છે. પ્રવેશોત્સવ અને ગુણોત્સવ જેવા કાર્યક્રમોમાં વ્યસ્ત રહેતા અધિકારીઓ અંતરિયાળ વિસ્તારમાં જઈને શાળાઓની પરિસ્થિતિ ચકાસે તેવી લોકોમાં માંગ થઈ રહી છે.

નજીકમાં પ્રવેશોત્સવ આવી રહ્યો છે જેની તડામાર તૈયારીઓ અરવલ્લી જિલ્લાના શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. ત્યારે બાયડ તાલુકાના સાઠંબા નજીક આવેલ નાગાનામઠ ગામની પ્રાથમિક શાળાની હાલત દયનિય બની છે. ખખડધજ હાલતમાં ઉભી રહેલી આ શાળા ક્યારે તુટી પડશે તેનું કંઈ જ નક્કિ નથી ત્યારે આવી પરિસ્થિતિમાં ગામના માસુમ બાળકો ભણી રહ્યા છે. તાજેતરમાં જ સુરતમાં બનેલી દુર્ઘટના લોકોને ભુલાઈ નથી. આ દુર્ઘટનામાં ૨૨ જેટલા માસુમોના મોત થયા હતા. બાદમાં સમગ્ર રાજયમાં ફાયરસેફ્ટીની ચકાસણી માટે દોડધામ મચી ગઈ હતી. આ ઘટના બાદ શિક્ષણ વિભાગે પણ સ્કૂલોમાં જઈને ફાયર સેફ્ટી અંગેની તપાસ શરૂ કરી જ્યાં સેફ્ટી ન હોય તેવી સ્કૂલોને નોટીસો પણ ફટકારી દીધી હતી. પરંતુ આવી ખખડધજ સરકારી શાળાઓના સમારકામ માટે કોઈને નોટીસ ફટકારવામાં આવી છે? કોઈ ઘટના બને બાદમાં જ જાગતું તંત્ર અગમચેતી રાખીને દુર્ઘટના ન બને તેની કાળજી કરે તો ઘણી દુર્ઘટનાઓને રોકી શકાય તેમ છે. ત્યારે નાગાનામઠ ગામની સ્કૂલ પણ કોઈ બાળકનો ભોગ લે તેની જાણે તંત્ર રાહ જોઈને બેઠું હોય તેમ આ શાળા પ્રત્યે ઉપેક્ષા સેવાઈ રહી છે. લોકો તો એવી પણ વાતો કરી રહ્યા છે કે અરવલ્લી જિલ્લાના અંતરીયાળ ગામોમાં આવી કેટલી સ્કૂલો ચાલી રહી છે તેની પણ શિક્ષણ વિભાગને ખબર જ નહીં હોય ત્યારે શહેરોની સ્કૂલો શણગારીને કે સારી સ્કૂલોમાં પ્રવેશોત્સવ કે ગુણોત્સવના ફોટા પડાવીને સંતોષ માની લેતા શિક્ષણ વિભાગે અંતરીયાળ વિસ્તારમાં જઈને તપાસ કરે તો કેટલીય આવી સ્કૂલો જણાઈ આવે તેમ છે.

### અરવલ્લીના શિક્ષણાધિકારી શું કહે છે

જર્જરીત શાળા અંગે અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી ડૉ.એ.કે. મોઢ સાથે ટેલીફોનીક વાત કરતાં તેઓએ જણાવ્યું હતું કે જિલ્લાની શાળાઓના સમયાંતરે સરવે એન્જીનિયરો દ્વારા હાથ ધરાતા હોય છે. નાગનામઠ પ્રાથમિક શાળામાં મહેકમ પ્રમાણે ૪ રૂમ મળવા પાત્ર છે. અને ચાર રૂમ કમ્પ્લેટ છે જર્જરિત ઓરડાની મુલાકાત કરી પ્રોસેસ શરુ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

### શાળાના આચાર્ય શું કહે છે ?

શાળાના આચાર્ય સાથે વાત કરતાં તેઓએ જણાવ્યું હતું કે જ્યારે જ્યારે જિલ્લામાંથી માહિતી માગવામાં આવે ત્યારે ત્યારે શાળાના જર્જરીત ઓરડા વિશે માહિતી ભરીને આપવામાં આવી છે. છતાં ક્યાં વિષય અટક્યો છે તે મારી જાણમાં નથી. આ ઉપરાંત શાળાની બિલકુલ પાછળ લાંક ડેમ પણ આવેલો છે તો આ જગ્યાએ આવેલ શાળા પણ વ્યવસ્થીત બાંધકામવાળી હોય તે હિતાવહ છે.

# "વાયુ" વાવાઝોડાને પગલે સાબરકાંઠાનું તંત્ર એલર્ટ

હિંમતનગર, તા. ૧૧

ગુજરાતના દરિયાકાંઠે થઈને તા. ૧૩ અને ૧૪ના રોજ વાયુ વાવાઝોડુ તીવ્ર ગતિથી પસાર થવાનુ છે ત્યારે રાજય સરકાર દ્વારા અગમચેતીના પગલા લેવા માટે સંલગ્ન વિભાગોને આદેશ કરાયા છે. ત્યારે સાબરકાંઠામાં તેની નહીવત અસરો થવાની શક્યતા હોવાથી જિલ્લા કલેક્ટરે ડીઝાસ્ટર તથા સંલગ્ન વિભાગના અધિકારીઓને તા. ૧૪ જુન સુધી હેડક્વાટર્સ ન છોડવા માટેના આદેશ કર્યા છે.

આ અંગે ડીઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ તા. ૧૩ અને ૧૪ જુનના રોજ વાયુ વાવાઝોડુ અરબી સમુદ્રમાં અંદાજે ૯૩૦ કી.મી. દુરથી ગુજરાતના દરિયાકાંઠેથી પસાર થવાની શક્યતા હવામાન વિભાગ દ્વારા કરાઈ છે. જેને લઈને તંત્રએ આ વાવાઝોડાથી ઓછામાં ઓછુ નુકશાન થાય તે માટે અધિકારીઓને તાકીદ કરીને સાવચેતીના પગલા લેવા માટે જણાવાયુ છે. જોકે સાબરકાંઠામાં આ વાવાઝોડાથી પવન અને વરસાદ થવાની શક્યતા બિલકુલ નહીવત હોવા છતા જિલ્લાકક્ષાએ તથા તમામ તાલુકા મથકે કંટ્રોલ રૂમ કાર્યરત કરી દેવાયા છે તથા મામલતદાર સહિત અન્ય અધિકારીઓને તા. ૧૪ જુન સુધી તેમનુ હેડક્વાટર્સ ન છોડવા માટે જણાવી દેવામાં આવ્યુ છે.

ઉલ્લેખનીય છે કે તા. ૧૩ અને ૧૪ના રોજ સાબરકાંઠા જિલ્લામાં વાવાઝોડાને પગલે આકાશમાં વાદળો ચઢી આવવાની શક્યતા છે જેથી ગરમીમાં શેકાઈ રહેલા જિલ્લાવાસીઓને આંશિક રાહત થવાની શક્યતા છે. જોકે સત્તાવાર ચોમાસુ શરૂ થતા હજુ ૧૫ દિવસથી વધુનો સમય લાગે તેમ હોવાથી લોકોને એકાદ વરસાદ થયા બાદ બાફ અને ઉકળાટનો સામનો કરવો પડશે.

# પાલનપુરમાં ગરમીથી એક વ્યક્તિનું સરવાર દરમિયાન મોત

### ટ્રેનમાં અજમેરથી ભાવનગર જતા બની ઘટના : ૧૦૮માં પાલનપુર સિવિલમાં સરવાર માટે લવાયો

પાલનપુર

અજમેરથી ટ્રેનમાં એક વ્યક્તિ ભાવનગર તરફ જઈ રહ્યો હતો.તે સમયે લુ લાગતા વ્યક્તિને ચાલુ ટ્રેનમાં તબીયત લથડતા ૧૦૮ને જાણ કરવામાં આવી હતી.જેથી ટીમના સ્ટાફ પાલનપુર સિવિલ પહોંચી સારવાર માટે પાલનપુર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.જેનું સારવાર દરમીયાન મોત નિપજ્યુ હતુ.

બનસકાંઠામાં છેલ્લા બે દિવસથી ગરમીનો પારો આસમાને પહોંચ્યો છે અને રેકોર્ડબ્રેક ગરમી નોંધાઈ રહી છે. જેથી લોકો ગરમીના કારણે બહાર નિકળવાનું ટાળી રહ્યા છે અને ના છુટકે નિકળવુ પડે તો ઠંડા પીણા સહીત ગરમીથી બચવાના પ્રયાસો કરતા હોય છે. તેમ છતા કટલાક લોકો ગરમી સહન ન કરી શકતા બીમાર પડતા હોય છે અને તેના કારણે મોત પણ થવાના કિસ્સાઓ જાવા મળી રહ્યા છે. તેવો કિસ્સો ચાલુ ટ્રેનમાં જાવા મળ્યો હતો. રાજાલા તાલુકાના ડુંગર ગામે રહેતા મહમદભાઈ અજમેરથી ભાવનગર જવા માટે ટ્રેનમાં બેઠા હતા. તે સમયે ચાલુ ટ્રેનમાં મહમદભાઈને લુ લાગી હતી.જેના કારણે ડીહાઈડ્રેસન થઈ ગયુ હતુ. ટ્રેનમાંથી મુસાફરએ ૧૦૮ને જાણ કરી હતી. જેથી ૧૦૮ની ટીમ પાલનપુર રેલ્વે સ્ટેશન પહોંચી હતી. ત્યારબાદ ટ્રેન પ્લેટફોમ ઉપર આવતાની સાથે મહમદભાઈને તપાસતા લુની અસર જણાતા પાલનુપરની સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જેમા સારવાર દરમીયાદન મોત થયુ હોવાનું ૧૦૮ના કર્મચારીએ જણાવ્યુ હતુ.

### ડીસા હાઇવે પર વીજ ડીપી સળગતા અફડાતફડી

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસાના હાઇવે ઉપર ટ્રાફિકથી ધમધમતા ડોકટર ઝોન વિસ્તારમાં અચાનક વીજ ડીપી સળગી ઉઠતા અફડાતફડી મચી જવા પામી હતી ગઈકાલે મંગળવારે સવારે માનવીય ચહલ પહલ વચ્ચે ડોકટર ઝોનમાં લગાવેલી ઉત્તર ગુજરાત વીજ કમ્પનીની ખુલ્લી ડીપી અચાનક શોર્ટ સર્કિટના કારણે સળગી ઉઠી હતી જેથી તેના ઉપર નજર પડતા વેપારીએ ડોલ વડે પાણી નાખતા આગ બુઝાઈ ગઈ હતી પરંતુ થોડીવાર પછી ફરી ડીપીમાં આગ લાગી હતી તેથી લોકોનાં ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને પાણીનો મારો ચલાવી માંડ આગને કાબુમાં લીધી હતી જો કે ખુલ્લી વીજ ડીપીઓ અવારનવાર સળગતી હોવાનો વેપારીઓએ રોષ ઠાલવી વીજ કમ્પનીની લાપરવાહીના કારણે મોતને ખુલ્લું આમંત્રણ આપતી આ ડીપીઓથી ગમે ત્યારે ગમખ્વાર હોનારત સર્જાવાની દહેશત વ્યક્ત કરી હતી હવે નજીકમાં ચોમાસુ છે ત્યારે જીવતા બૉમ્બ સમાન ખુલ્લી વીજ ડીપીઓ કોઈનો ભોગ લે તે પૂર્વે વીજ કમ્પની દ્વારા ઘટતાં પગલાં ભરાય તેવો જનમત પ્રવર્તે છે.

### ડેમાઈના પિયુષભાઈની ખડાયતા સમાજના ઉપપ્રમુખ તરીકે વરણી

અરવલ્લી જિલ્લાના ડેમાઈ ગામના વતની અને અમદાવાદ ખાતે રહેતા પિયુષભાઈ સી. શાહની તાજેતરમાં અમદાવાદ સમસ્ત ખડાયતા સમાજની વાર્ષિક સામાન્ય સભા મળતાં ઉપપ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરતાં ઉપસ્થિત સૌ જ્ઞાતિજનોએ અભિનંદન પાઠવ્યા હતા. પિયુષભાઈ વર્ષોથી અમદાવાદની વિવિધ સંસ્થાઓં સેવા આપે છે. જીઆઈડીસીમાં રબર ઉદ્યોગના અમદાવાદના પ્રમુખ તરીકે પણ સેવા આપે છે. કોટયર્ક, શ્રીનાથજી ખડાયતા ભૂવનમાં પણ સેવા આપે છે.

### ધનસુરા ખાતે નિઃશુલ્ક રોગ નિદાન કેમ્પ યોજાયો

ધનસુરા, તા. ૧૧

અમદાવાદની પ્રસિદ્ધ હોસ્પિટલ સ્વયંભૂ હોસ્પિટલ દ્વારા ધનસુરા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ઓર્થોપેડિક અને યુરોલોજી વિભાગના નિષ્ણાત ડૉક્ટરો દ્વારા દર્દીઓને તપાસી યોગ્ય માર્ગદર્શન આપેલ. આ કેમ્પમાં ૧૦૦થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો.

### પાલનપુર માળી સમાજ દ્વારા વિદ્યાર્થીઓને સ્કુલબેગ તથા ચોપડાનું વિતરણ કરાયું

પાલનપુર

ગતરોજ બ્રિજેશ્વર કોલોની પાસે આવેલ માળી સમાજના ચામુંડા માતાજીના મંદિરમાં દર વર્ષની જેમ

આ વર્ષે પણ વિદ્યાર્થીઓને સ્કુલ બેગ અને ચોપડાઓનું વિતરણનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો.૧ થી ૪ના બાળકોને સ્કુલ બેગ અને ધો.૫ થી અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને એક ડઝન ચોપડા વિદ્યાર્થી દીઠ વિતરણ કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માળી મિત્ર મંડળના સભ્યોમાં બકુલભાઈ પઢિયાર, નરેશભાઈ પઢિયારએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ પ્રસંગે ચોપડા અને સ્કુલબેગના દાતાઓનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં માળી સમાજના પ્રમુખ હર્ષદભાઈ પરમાર સહિત ભાઈઓ, બહેનો અને બાળકો ખુબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### પાલનપુર નગરપાલિકા દ્વારા બે નળ કનેક્સન કપાયા

પાલનપુર

પાલનપુર નગરપાલિકા પાણી પુરવઠા વિભાગ દ્વારા શહેરમાં ચેકીંગ કરી બે નળ કનેક્સન કાપવામાં આવ્યા હતા.જેના પગલે અન્ય રહીશોમાં ફફડાટ પ્રસરી ગયો હતો.

ઉનાળાને ધ્યાને લઈ પાલનપુર નગરપાલિકા દ્વારા તાજેતરમાં કેટલાક ગેરકાયદેસર કનેકસનો ઝડપાયા હતા.જેના પગલે પાલિકા દ્વારા પાંચ વર્ષનો વેરો ભરવા સુચના આપવામાં આવી હતી.તેમ છતા કેટલાક લોકોએ વેરો ભરી પાણીના કનેક્સન રેગ્યુલાઈ ન કરતા પાલિકાની પાણી પુરવઠાની ટીમ આજરોજ શિવનગર વિસ્તારમાં પહોંચી હતી.અને ગેરકાયદેસર બે કનેક્સન કાપવામાં આવ્યા હતા.જેના પગલે અન્ય રહીશોમાં ફફડાટ પ્રસરી ગયો હતો.

# પાલનપુરમાં એક્ટીવા અને બાઈક વચ્ચે અકસ્માત : બાઈકચાલકની જાહેરમાં ધુલાઈ

### બે યુવકો જાહેરમાં બાઈકચાલકને માર મારતા મહિલાએ વચ્ચે પડી છોડાવ્યા

પાલનપુર

પાલનપુર નગરપાલિકા નજીક એક એક્ટવાર ચાલકે બાઈક સવારને ટક્કર મારતા

બાઈક અને એક્ટીવા ઉપર સવાર બંન્ને વ્યક્તિઓ નીચે પટકાયા હતા.જેમાં સદનસીબે મોટી જાનહાની ટળી હતી. પરંતુ મોટર સાયકલનો ચાલક અને અન્ય એક વ્યક્તિએ એક્ટીવા ચાલકની જાહેરમાં મેથીપાક આપ્યો હતો. જેના પગલે લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા. ત્યારબાદ મોટર સાયકલની નુકશાનીનો ખર્ચ આપવા તૈયાર થતા મામલો થળે પડ્યો હતો.

બનાસકાંઠામાં અકસ્માતોનું પ્રમાણ દિન પ્રતિ દીન વધી રહ્યુ છે. જેમાં વાહન ચાલકોની સામાન્ય બેદરકારીના કારણે કેટલાક લોકો પોતાનો જીવ ગુમાવવાનો વારો આવતો હોય છે. જેમાં પાલનપુર નગરપાલિક નજીકથી પુર ઝડપે પસાર થઈ રહેલા એક એક્ટીવાના ચાલકે મોટર સાયકલના ચાલકને ધડાકા ભેર ટક્કર મારી હતી.જેથી બંન્ને વાહનોના ચાલક નીચે પટકાયા હતા.

જેમાં બાઈકને નુકસાન થતા બાઈક ચાલક અને અન્ય એક વ્યક્તિએ ભેઘા મળી યુવકની જાહેરમાં ધુલાઈ કરી હતી. જેના પગલે આજુબાજીથી લોકોના ટોળે-ટોળા એકત્ર થઈ ગયા હતા અને એક મહીલાએ વચ્ચે પડી યુવકને છોડાવ્યો હતો. ત્યારબાદ એક્ટવાના ચાલકે બાઈકને થયેલા નુસાનકનો ખર્ચા આપવાનું સ્વિકારતા મામલો થાળે પડ્યો હતો. આ અંગે કોઈ પોલીસ ફરીયાદ નોંધાવા પામી નથી.

યુવકને માર-મારતો વિડીયો થયો વાયરલ

પાલનપુરમાં એક એક્ટીવાના ચાલકએ બાઈકને ટક્કર મારતા બાઈકને નુકસાન થયુ હતુ.જેથી બે યુવકોએ એક્ટીવા ચાલકને જાહેરમાં માર-માર્યો હતો.જે વિડીયો સોસીયલ મિડીયામાં વાયરલ થયો હતો.

# અંબાજીમાં પત્રકાર પર ધોળા દિવસે હિચકારો હુમલો

ગુજરાત હવે યુપી બિહાર તરફ જઈ રહ્યુ હોય તેવુ લાગી રહ્યુ છે હવે ગુંડાઓને કોઈ ડર કે ખોફ રહ્યો નથી આવા બનાવો હવે ગુજરાતના વિવિધ વિસ્તારોમા બની રહ્યા છે, ગુજરાત અને ભારત દેશના લોકપ્રિય



શકિતપીઠ અંબાજીમા હવે અસામાજીક અને માથાભારે તત્વોનો ત્રાસ દિન - પ્રતિદિન વધી રહ્યો છે. આ ધામમા ચાલતા ગોરખધંધા વિષે મીડિયા સત્ય બહાર લાવે ત્યારે આવા પત્રકાર તેને ખોટા કેશમા ફસાવવાની ધમકીઓ આપવામા આવે છે, કાતો તેની ઉપર હિંસક હુમલો કરવામા આવે છે. આવો જ એક ગંભીર બનાવ સોમવારે સાંજે ૭ વાગે આસપાસ અંબાજી શક્તિપીઠના બસ સ્ટેન્ડની બહાર ઉભેલા પત્રકાર લક્ષ્મણ ઠાકોર (S9 ચેનલ સુરત) ઉપર કરવામા આવ્યો હતો જે આરોપી અંબાજીના બે નંબરના ધંધા સાથે સંકળાયેલા મેહુલ ઉર્ફે ચરોબોટ, બન્ના- મંગળાજી બારોટએ કર્યો હતો. જેમા લક્ષ્મણ ઠાકોરને નાક અને મોઢાના ભાગે ઈજા થઈ હતી અને અંબાજીના જાહેર માર્ગ ઉપર મેહુલ નામના માણસએ હિંસક હુમલો કરતા લોકોમા ભારે નાસભાગ થઈ ગઈ હતી. ગંભીર રીતે ઘાયલ પત્રકાર લક્ષ્મણ ઠાકોરને તાત્કાલીક અંબાજી કોટેજ હોસ્પીટલમા ખસેડવામાં આવ્યા હતા અને ત્યારબાદ તેમને પોતાના પરીવાર અને મીડિયા મિત્રોની હાજરીમા અંબાજી પોલીસ મથકે આ માથાભારે તત્વો વિરુદ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી હતી. અંબાજી પોલીસે ૪ આરોપીઓ ઉપર કાયદેસર પોલીસ ફરીયાદ નોંધી હતી, વધુમા આ રોબર્ટ નામનો વ્યક્તી માથાભારે અને ગાડીઓમાથી સામાન ચોરીઓ કરી મોંઘીદાટ ગાડીઓમાં ફરવાનો શોખીન માણસ છે અને સોમવારે તેને લક્ષ્મણ ઠાકોર ઉપર લોખંડના પંચથી મોઢા, પેટ અને નાક ઉપર હિંસક હુમલો કર્યો હતો, આજથી થોડા વર્ષ પહેલા અંબાજીથી દાંતા માર્ગ ઉપર જંગલમા માથાભારે તત્વોએ પુંજપુરના પત્રકારની હત્યા કરી નાંખી હતી અને હજી સુધી તેના હત્યારાઓ પકડાયા નથી.

# ડીસા માર્કેટયાર્ડમાં ઉનાળુ મગફળીની આવક શરૂ

### ગત વર્ષની સરખામણીએ ખેડૂતોને મગફળીના સારા ભાવ મળતા ખેડૂતોમાં ખુશી

### ડીસા માર્કેટયાર્ડમાં પ્રતિ મણ મગફળીનો ભાવ ૧૦૫૦ થી ૧૧૦૦ નોંધાયો

ડીસા, તા. ૧૧

સમગ્ર ગુજરાતમાં મગફળીના હબ તરીકે ખ્યાતિપ્રાપ્ત ડીસા માર્કેટયાર્ડમાં ઉનાળુ મગફળીની આવક શરૂ થવા પામી છે. ત્યારે ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે મગફળીના સારા ભાવ મળતા ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. હાલમાં પ્રતિ મણ (૨૦ કિલો) મગફળીનો ભાવ રૂપિયા ૧૦૫૦થી ૧૧૦૦ નોધાવો પામ્યો છે.

ઉત્તર ગુજરાતની અગ્રણી સહકારી સંસ્થા શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસાના ચેરમેન માવજીભાઈ દેસાઈ તેમજ સંચાલક મંડળના સુચારૂ વહીવટ અને માર્કેટયાર્ડના સેક્રેટરી સફળ સંચાલનના કારણે માર્કેટયાર્ડમાં ખેડૂતો અને વેપારીઓનો વિશ્વાસ કેળવાયો છે. જેથી ડીસા માર્કેટયાર્ડની આવકમાં પણ દિનપ્રતિદિન વધારો નોંધાઈ રહ્યો છે. ઉનાળુ સિઝન દરમિયાન બાજરીની સાથે-સાથે ઉનાળુ મગફળીની આવક શરૂ થવા પામી છે. હાલમાં ડીસા માર્કેટયાર્ડમાં પ્રતિ મણ (૨૦ કિલો મગફળીનો ભાવ ૧૦૫૦થી ૧૧૦૦ રૂપિયા નોધાયો

છે. ત્યારે ગત વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે મગફળીના ભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. જેથી ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ જોવા મળે છે. પ્રતિ મણ મગફળીના રૂપિયા ૩૦૦ વધુ આ અંગે ડીસા માર્કેટયાર્ડના સેક્રેટરી જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ મગફળીની આવક ડીસા માર્કેટયાર્ડમાં નોધાય છે. ત્યારે ગત વર્ષની સરખામણીમાં ચાલુ ચાલે ડીસા માર્કેટયાર્ડમાં ખેડૂતોને પ્રતિ મણ મગફળીનો ભાવ રૂપિયા ૧૦૫૦ થી ૧૧૦૦ મળે છે.

### ખેડબ્રહ્મા શહેર નજીક પોલીસે દારૂ સાથે ૪.૨૮ લાખનો મુદ્દામાલ ઝડપ્યો

ગુજરાત પોલિસ દ્વારા દારૂના ગુન્હા અટકાવવા અને દારૂની હેરાફેરી અટકાવવાની સૂચના મુજબ ખેડબ્રહ્મા પોલીસના પી.એસ.આઈ. પી.પી. વાઘેલા, કોન્સ્ટેબલ વિષ્ણુભાઈ, જયંતીભાઈ વગેરે પેટ્રોલીગ કરી રહ્યા હતા ત્યારે બાતમી આધારે પરોયા રોડ ઉપર માતાજી મંદિર પાસે રોડ પર ચેકીંગ કરતા એક સફેદ પિકઅપ ડાલું જી.જે.૨.સીએલ.૧૮૧૦મા ભરતજી દશરથજી ઠાકોર, માકણજ, મહેસાણાવાળા ગાડીમાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો તથા ટીન મળી કુલ ૧૦૮ નંગ કિંમત રૂ. ૨૬૪૦૦, અને પિકઅપ ડાલું ૪,૦૦,૦૦૦ અને મોબાઈલ ૨૦૦૦ મળી કુલ ૪,૨૮,૪૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## જાહેર સુચના

આથી નગરપાલિકા ધાનેરા વિસ્તારના તમામ મિલ્કત ધારકોને તાકીદ કરવામાં આવે છે કે, પોતાની માલિકીનું અથવા ભાડુઆત તરીકે બિલ્ડીંગ ધારકોએ તેઓનું બિલ્ડીંગ જો જર્જરિત હાલતમાં હોય અથવા બિલ્ડીંગ છાપરાનો કોઈ ભાગ જર્જરિત હાલતમાં હોય તેઓએ તાકિદે ઉતારવા જણાવવામાં આવે છે. અન્યથા કોઈ જાનહાનિ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જેતે મિલ્કત ધારકની રહેશે. વધુમાં આવા જર્જરિત મકાનો અંગે નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ અને ડિઝાસ્ટર એક્ટ અંતર્ગત નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

નગરપાલિકા ધાનેરા વિસ્તારમાં ચોમાસા દરમિયાન રેલ નદીનું પાણી આવવાની શક્યતા રહે છે, જે પાણીનું વહેણ નગરપાલિકા વિસ્તારમાં આવેલ માર્કેટયાર્ડ, વેપારીવાસ, સોતવાડા માર્ગથી વિસ્તારમાં પ્રવેશે છે. જે પાણીના વહેણમાં કોઈએ બાંધકામ કરવું નહીં, નિવાસ કરવો નહીં, પશુ ઢોર-ઢાંખર બાંધવું નહી. અન્યથા વરસાદી પાણી, રેલ નદીના પાણીથી કોઈ નુકસાન થશે તો પોતાની અંગત જવાબદારી રહેશે.

નગરપાલિકા ધાનેરા વિસ્તારમાં આવેલ શાળાઓ, ટ્યુશન ક્લાસીસો, હોસ્પિટલો, બહુમાળી બિલ્ડીંગો, હોસ્ટેલો અને જ્યાં પણ ફાયર સેફ્ટી એક્ટ અંતર્ગત ફાયર સુવિધા નિયમાનુસાર કરવાની થાય છે. તેવા તમામ મિલ્કત ધારકોએ ફાયર સેફ્ટી એક્ટ-૨૦૧૩ અને ૨૦૧૪ હેઠળ નિયમોનુસાર ફાયર સેફ્ટી કરી ફાયર એન.ઓ.સી. મેળવવાની રહેશે. ફાયર સેફ્ટી સિવાયની મિલ્કત હશે અને કોઈ અકસ્માત થશે તેની સંપૂર્ણ જવાબદારી મિલ્કત ધારકની રહેશે. વધુમાં નગરપાલિકા વિસ્તારમાં રહેણાંક વિસ્તારમાં ચાલતી શાળાઓ, ટ્યુશન ક્લાસીસો, હોસ્ટેલો, હોસ્પિટલોએ નિયમોનુસાર ફાયર એન.ઓ.સી. મેળવતાં પૂર્વે જમીન રહેણાંકમાંથી કોમર્શિયલમાં હેતુફેર કરી એન.ઓ.સી. મેળવવાની રહેશે. આવા પ્રકારે રહેણાંક વિસ્તારમાં પરવાનગી સિવાય શાળાઓ, ટ્યુશન ક્લાસીસો, હોસ્ટેલો, હોસ્પિટલો ચલાવશે અને કોઈ આકસ્મિક બનાવ બનશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે મિલ્કત ધારક, ચલાવના સંચાલક, આચાર્યશ્રીની રહેશે. અને તેમની સામે નિયમોનુસાર ફાયર સેફ્ટી એક્ટ અને ડિઝાસ્ટર એક્ટ તથા નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ હેઠળ નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| સ્થળ : ધાનેરા | સહી/- | સહી/- | સહી/- |
| તારીખ : ૭/૬/૨૦૧૯ | (એસ.એમ. અંસારી) | (બી.એસ. ખરાડી) | (એમ.બી. ઠાકોર) |
| | મુખ્ય અધિકારી | મામલતદાર | નાયબ કલેક્ટર |
| | નગરપાલિકા ધાનેરા | ધાનેરા | ધાનેરા |